ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# કાલે અક્ષય નોમ : આંબળાના વૃક્ષની પૂજા

## તા.૨ નવેમ્બરે આંબળા નોમનું વ્રત : પૂજા અને દાનથી મળેલા ફળ-પુણ્યને અક્ષય પુણ્યવાળું વ્રત કહેવામાં આવે છે



ગાંધીનગર, તા.૩૧

કારતક મહિનાના સુદ પક્ષની નોમ તિથિએ આંબળા નોમ વ્રત કરવામાં આવે છે. તેને અક્ષય નોમ પણ કહેવામાં આવે છે. માન્યતા મુજબ આંબળા નોમ સ્વયં સિધ્ધ મુહુર્ત છે. આ દિવસે દાન, જાપ અને તપ કરવાથી બધુ જ અક્ષય થઈને મળે છે એટલે કે તેમનું કયારેય ક્ષય થતું નથી. ભવિષ્ય, સ્કંદ, પદ્મ અને વિષ્ણુ પુરાણ પ્રમાણે આ દિવસે ભગવાન વિષ્ણુ અને આંબળાના વૃક્ષની પૂજા કરવામાં આવે છે. આખો દિવસ વ્રત રાખવામાં આવે છે. પૂજા પછી વૃક્ષના પડછાયામાં બેસીને ભોજન કરવામાં આવે છે. માન્યતા મુજબ આવું કરવાથી દરેક પ્રકારના પાપ અને બીમારીઓ દુર થાય છે. ભગવાન શિવજીએ કાર્તિકેયને જણાવ્યું છે કે આંબળાનું વૃક્ષ સાક્ષાત્ વિષ્ણુનું જ સ્વરૂપ છે. તે વિષ્ણુ પ્રિય છે અને તેના સ્મરણથી જ અનેકગણું ફળ મળે છે. આંબળાના વૃક્ષની નીચે શ્રીહરિ વિષ્ણુના દામોદર સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. અક્ષય નોમની પૂજા સંતાન પ્રાપ્તિ તથા સુખ, સમૃધ્ધિ તથા અનેક જન્મો સુધી પુણ્ય ક્ષય ન થવાની કામના સાથે કરવામાં આવે છે. આ દિવસે લોકો પરિવાર સહિત આંબળાના વૃક્ષની નીચે ભોજન તૈયાર કરીને ગ્રહણ કરે છે. તે પછી દાન કરવામાં આવે છે. આ દિવસે મહર્ષિ સાવને આંબળાનું સેવન કર્યું હતું. જેના દ્વારા તેમને ફરીથી યૌવન મળ્યું હતું એટલે આ દિવસે આંબળાનું સેવન કરવું જોઈએ તેવી માન્યતા છે. કારતક સુદ નોમ તિથિએ આંબળાના વૃક્ષની પરિક્રમા કરવાથી બિમારીઓ અને પાપથી છુટકારો મળી શકે છે. આ દિવસે ભગવાન વિષ્ણુનો વાસ આંબળામાં થાય છે. એટલે આ વૃક્ષની પૂજાથી સમૃધ્ધિ વધે છે અને દરિદ્રતા આવતી નથી. અક્ષય નોમના દિવસે માતા લક્ષ્મીએ પૃથ્વી લોકમાં ભગવાન વિષ્ણુ અને શિવજીની પૂજા આંબળા સ્વરૂપમાં કરી હતી અને આ વૃક્ષની નીચે બેસીને ભોજન ગ્રહણ કર્યું હતું.

# માણસા ખાતે પરશુરામની મૂર્તિનું સ્થાપન કરવા માટે ભૂમિ પૂજન



ગાંધીનગર, તા.૩૧

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા માણસા તાલુકા પ્રમુખ ડો. તુષારભાઈ જાનીના સ્વ હસ્તે બપોરે ૧૨. ૩૯ મિનિટે માણસા તાલુકા પંચાયતના પટાંગણની બાજુમાં આવેલા માણસા બજાર મધ્યે સંપૂર્ણ વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. મોરબી દુર્ઘટના ના ભોગ બનેલ મૃતાત્માઓ માટે બે મિનિટ મૌન પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમને એકદમ શાંતિપૂર્વક સાદગી પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમમાં સલગ્ન સંસ્થાના અધ્યક્ષ દિનેશભાઈ વ્યાસ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, મીડિયા કન્વીનર દિનેશ રાવલ તેમજ માણસા તાલુકા પંચાયત અધ્યક્ષ ઉપાધ્યક્ષ મહામંત્રી ભારતીય જનતા પાર્ટીના ઉપસ્થિત રહ્યા હતા.

# કુડાસણ ખાતે શહેર ભાજપ દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ



ગાંધીનગર, તા.૩૧

આઝાદીના લડવૈયા, ગુજરાતની ધરતીના પનોતા પુત્ર, આઝાદી બાદ દેશના એકીકરણનું ભગીરથ કાર્ય કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે શહેર ભાજપ દ્વારા સરદાર ચોક, કુડાસણ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ડે. મેંયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંત પટેલ, અગ્રણીઓ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી પુષ્પમાળા અર્પણ કરી તેમના દેશ માટેના અમૂલ્ય યોગદાનને વંદનસહ બિરદાવ્યું હતું.

# સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ



ગાંધીનગર, તા.૩૧

ભારતના લોખંડી પુરુષ અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા પરિસરમાં આવેલી પ્રતિમા તેમજ પોડિયમમાં તૈલ ચિત્રને આજે ઉદ્યોગ અને સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ ભાવસભર પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મધુર ડેરીના ચેરમેન રાણા, પૂર્વ મેયર, ગુજરાત વિધાનસભાના સચિવ ડી.એમ.પટેલ, નાયબ સચિવઓ, અધિકારીઓ-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓએ ઉપસ્થિત રહયા હતા.

# સે-૬ સરસ્વતી વિદ્યાલય ખાતે સરસ્વતી માતાજીની પૂજા વિધિ

ગાંધીનગર, તા.૩૧

સે-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં સરસ્વતી માતાની પૂજન વિધિ તેમજ શુભ મુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા, આચાર્ય હિતેન્દ્રસિંહ પરમાર, વહીવટી કાર્યકર્તા ભાવનાબેન અને ઘનશ્યામસિંહ ગોહિલ, શાળાના શિક્ષકો આશાબેન, કરૂણાબેન, મધુબેન, હીનાબેન, સેવિકાબેન કૈલાસબેન અને નિતાબેન હાજર રહયા હતા. શાળાની બહેનો દ્વારા હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતાં આસોપાલવના તોરણ બનાવીને લગાડવામાં આવ્યા હતા. સુંદર રંગો દ્વારા આકર્ષક રંગોળી પુરવામાં આવી હતી. સરસ્વતી માતાજીને પુષ્પની માળા અર્પણ કરીને દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. હાજર સ્ટાફ દ્વારા સરસ્વતી વંદના કરવામાં આવી હતી.



# ગાંધીનગરમાં રાષ્ટ્રીય એકતા દોડ યોજાઇ

## રાષ્ટ્રીય એકતા દોડમાં ઉપસ્થિત સર્વે લોકોએ મોરબી પુલ તૂટવાની હોનારતમાં મૃત્યુ પામેલા નાગરિકોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા






ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડ ગાંધીનગર શહેરના ઘ-૪ નજીકના સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી આરંભ થયો હતો. આ દોડના આરંભે સહભાગી બનેલા સર્વે નાગરિકોએ રાષ્ટ્રીય એકતા ના શપથ લીધા હતા તેમજ મોરબી પુલ તૂટવાની હોનારતમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં હતા. ત્યારબાદ સાદગી પુર્ણ રાષ્ટ્રીય એકતા દોડને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. રાષ્ટ્રીય એકતા દોડના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, અધિક નિવાસી કલેક્ટર ભરત જોષી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કેયુરભાઈ જેઠવા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારી વિનય અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિ રહ્યા હતા.



સરદાર પટેલની ૧૪૭ મી જયંતિના શુભ પ્રસંગે સેક્ટર ૭એ વસાહત મંડળના હોદ્દેદારો અશોકભાઈ એચ પટેલ, પ્રોફેસર અશોકભાઈ પટેલ, ગણેશભાઈ પટેલ અને જશવંત ગાંધીએ સરદાર ભવન ખાતે અખંડ અખંડ ભારતના શિલ્પી પૂજ્ય વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ભીલ ગોરખાભાઈ ભુરાજી ઉ.વ.૪૦, સેકટર-૧૩ છાપરા
- સ્વ.સુથાર બંસીલાલ પ્રહલાદભાઈ ઉ.વ.૬૮, સેકટર-૨
- સ્વ.ઠાકોર ગોવિંદજી ભલાજી ઉ.વ.૩૨, બોરીજ
- સ્વ.ચેવલે રાધા મહાદેવરાય ઉ.વ.૭૧, રાંદેસણ
- સ્વ.ડોડીયા જડીબેન રમણલાલ ઉ.વ.૭૨, સેકટર-૨૪

## જન્મદિને વધામણી



પ્રતાપસિંહ વરવાજી રાઠોડ
મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧



દિલીપકુમાર જી પ્રજાપતિ
માસ ફાઈનાન્સ, ગાંધીનગર



રાજ અનાયા બા



રાજ વિકાસસિંહ



વિરેન્દ્રભાઈ મણિયાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



દીપ ભટ્ટ
મો. ૮૫૧૧૯ ૨૪૯૨૩



જૈનિલ ચિરાગ ગોહેલ
મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬



પ્રાર્થના સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



હેત મનીષભાઈ રૂપાપરા



આયુષ ગોંડ